**ફોજદારી ઈન્કવાયરી નં.૨૮/૨૦૨૬**

**// આંક-૧ લગત હુકમ //**

**(૧)** બંને પક્ષની રેકર્ડ પરની હકીકત ધ્યાને લીધી તથા રજુઆત સાંભળી. હાલની ફરિયાદ તથા કેસ પેપર્સ વંચાણે લીધા. આ કામના ફરિયાદીએ હાલની ફરિયાદ પોતે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨(૨૮) અંતર્ગત ''સરકારી નોકર'' તરીકે ફરજ બજવતા હોય દાખલ કરેલી છે. જેથી આ કામે હાલની ફરિયાદ સબબ આરોપીઓને નોટીસ કરતા તેઓ તરફે વિ.વકીલશ્રી હાજર થયેલ છે.

**(૨)** આ કામના આરોપી પક્ષની રજુઆત ધ્યાને લેતાં તેઓએ હાલની ફરિયાદ સંબંધે કોઈ વાંધા કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. વધુમાં આરોપી પક્ષે આંક-૪ થી પુરસીસ આપી સદર ફરિયાદ બાબતે સંજ્ઞાન લેવામાં આવે તો તેઓને કોઈ વાંધો તકરાર નથી તેવું જાહેર કરેલ છે. તે સંજોગોમાં આ કામે રજુ ફરિયાદીની ફરિયાદ અને કેસ પેપર્સ ધ્યાને લેતાંઆરોપીઓ સામે ગુન્હા સબબ પ્રથમદર્શનીય ઈન્સાફી કાર્યવાહી ચલાવવાં પુરતા અને સબળ કારણો જણાઈ આવે છે. જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

**૧.** હાલની ફરિયાદ ઈન્કવાયરી રજીસ્ટરેથી આથી કેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે. સદર કેસ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધી આરોપી સામે બી.એન.એસ.એસ. એકટની કલમ-૨૨૭ અન્વયે ફરિયાદ સબબના ગુન્હા અંગેનો સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** સદર કેસની હવે પછીની મુદત તારીખ-૧૪/૦૩/૨૦૨૬ નારોજની રાખવાનો આથી હુકમ કરવામાં આવે છે.

તા.૦૭/૦૩/૨૦૨૬ (કૃષ્ણકાંત ગોવિંદભાઈ પટેલ)
સુરત. U.I.C.No.GJ01285
એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ અને
ન્યાયાધીશ(એસ.ડી), શ્રમ અદાલત નં.૩, સુરત.